પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૦૪ | ૩ ઓક્ટોબર, ૨૦૧૭, મંગળવાર ; આસો સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### ત્રણ અમેરિકનોને નોબલ પુરસ્કાર

ત્રણ અમેરિકન્સ જેફરી સી. હોલ, માઈકલ રોસબાશ અને માઈકલ યંગને સર્જિકેડિયા સિસ્ટમ કંટ્રોલ કરતા મોલિક્યૂલર મિકેનિઝમ પર કામ કરવા બદલ ફિઝિયોલોજી મેડિસિનમાં ૨૦૧૭નો નોબલ પુરસ્કાર મળ્યો છે.

### આઈસીસી વન-ડે રેન્કિંગમાં કોહલી નં-૧

ભારતે ઓસ્ટ્રેલિયાને વન-ડે શ્રેણીમાં ૪૦૧ થી હરાવતા ફાયદો થયો છે. આઈસીસી વન-ડે રેન્કિંગમાં ભારતીય કેપ્ટન વિરાટ કોહલી નંબર-૧ પર યથાવત છે. જ્યારે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ શાનદાર પ્રદર્શન કરનાર રોહિત શર્મા ટોપ-૫માં પહોંચી ગયો છે. જો કે મહેન્દ્રસિંહ ધોની ટોપ-૧૦માંથી બહાર ફેંકાઈ ગયો છે.

### અન્ના હજારે ફરી આંદોલન કરશે

સમાજસેવક અન્ના હજારે ફરી એકવાર જનલોકપાલ માટે હૂંકાર ભરશે. આંદોલનની પૂરી રૂપરેખા માટે તેઓએ ૭-૮ ઓક્ટોબરના રોજ રાલેગાંવ સિદ્ધિમાં પોતાના સમર્થકોની બેઠક બોલાવી છે.


### કાનપુર-બલિયામાં તાજિયા જુલુસ મામલે હિંસા

ઉત્તરપ્રદેશમાં કાનપુર અને બલિયામાં મોર્હરમના પ્રસંગે તાજિયા જુલુસ દરમિયાન બે જૂથો વચ્ચે હિંસા થવા પામી હતી. જો કે પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવી લીધો હતો.

# લાસવેગાસના કસીનોમાં અંધાધૂંધ ગોળીબાર

**૫૦ના મોત : અસંખ્ય ઘાયલ : કસીનોમાં ચાલી રહેલા કોન્સર્ટ દરમિયાન અંધાધૂંધ ગોળીબાર : અમેરિકાના ઇતિહાસમાં સામૂહિક હત્યાકાંડોના સૌથી ખૌફનાક હત્યાકાંડને અંજામ આપનારને ઠાર કરાયો : વ્યાપક સર્ચ ઓપરેશન**





લાસવેગાસ,તા. ૨

અમેરિકાના લાસવેગાસમાં કસીનોમાં ચાલી રહેલા મ્યુઝિક કોન્સર્ટ દરમિયાન અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો જેમાં ઓછામાં ઓછા ૫૦ લોકોના મોત થઈ ગયા છે અને ૨૦૦થી પણ વધુ લોકો ઘાયલ થયા છે. આ હુમલો કોઈ ત્રાસવાદી છે કે કેમ તેને લઈને હજુ સુધી ખુલાસો કરવામાં આવ્યો નથી પરંતુ અમેરિકામાં સામૂહિક હત્યાકાંડના બનાવમાં આને સૌથી મોટા બનાવ તરીકે ગણવામાં આવે છે. મ્યુઝિક કોન્સર્ટને માતમમાં ફેરવી દેનાર હુમલાખોરને ઠાર કરી દેવામાં આવ્યો છે જ્યારે તેની સાથે આવેલી એક મહિલા સહિત અન્યોની શોધખોળ ચાલી રહી છે. પોલીસના કહેવા મુજબ ઠાર મરાયેલો હુમલાખોર સ્થાનિક હોવાનું જાણવા મળ્યું છે. તેની ઓળખ ૬૪ વર્ષીય સ્ટીફન પેટોક તરીકે થઈ છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વિટ કરીને મૃતકોના પરિવાર પ્રત્યે સહાનુભૂતિ વ્યકત કરી છે. અમેરિકાના ઈતિહાસમાં હજુ સુધીની સૌથી મોટી ઘટના તરીકે આને ગણવામાં આવે છે. શરૂઆતી તપાસમાં ત્રાસવાદી કનેક્શનની કોઈ માહિતી મળી રહી નથી. એમ કહેવામાં આવે છે કે, હુમલાખોર કસીનોમાં ઘુસી ગયો હતો અને

● અનુસંધાન પાન-૭ પર

## એનઆઈએને ટેરર ફંડિંગ મામલે નક્કર પુરાવા હાથ લાગ્યા

**પુરાવાના આધારે હુરિયત નેતા સૈયદ અલી શાહ ગિલાની, મીરવાઇઝ ઉમર ફારૂક અને મલિક પર સકંજો મજબુત**

નવી દિલ્હી,તા. ૨

ટેરર ફંડિંગ કેસમાં તપાસ કરી રહેલી તપાસ સંસ્થા નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીને આખરે હુરિયતના મોટા નેતાઓની સામે નક્કર અને મજબુત પુરાવા હાથ લાગી ગયા છે. એમ કહેવામાં આવે છે કે આ પુરાવાના આધાર પર હવે સૈયદ અલી શાહ ગિલાની, મીરવાઈઝ ઉમર ફારૂખ અને યાસિન મલિક જેવા અલગતાવાદી નેતાઓની સામે સકંજો મજબુત કરવામાં આવી રહ્યો છે. આ કેસમાં પાંચ આરોપી છે. સાક્ષીઓએ દંડ પ્રક્રિયા સંહિતાની કલમ ૧૬૪ હેઠળ કેસ દાખલ કર્યા છે. જે કોર્ટમાં માન્ય હોય છે. નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે કઈ રીતે હુરિયતના ટોપ નેતાઓએ પાકિસ્તાનથી કાશ્મીરમાં ત્રાસવાદ અને હિંસા ફેલાવવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# સરહદ પર પાકિસ્તાનનો ભીષણ ગોળીબાર

**ભીષણ ગોળીબારમાં ત્રણ મોત : સરહદી વિસ્તારના પૂંચના કેરી, માલતી, દિગવાર સેક્ટરમાં નાગરિક વિસ્તારોને ટાર્ગેટ બનાવીને ગોળીબાર : ભારતીય જવાનોની જડબાતોડ કાર્યવાહી : નાગરિકોમાં દહેશત**

પુચ,તા. ૨

પાકિસ્તાની સેનાએ ફરી એકવાર યુદ્ધવિરામનો ભંગ કરીને જમ્મુ કાશ્મીરના પૂંચ જિલ્લામાં અંકુશરેખા ઉપર ભીષણ ગોળીબાર કર્યો છે. જેના લીધે બે માસૂમ બાળક સહિત ત્રણના મોત થયા છે અને અન્ય આઠ નાગરિકો ઘાયલ થયા છે. માર્યા ગયેલાઓમાં ૧૦ વર્ષિય બાળક અને ૧૫ વર્ષીય બાળકીનો સમાવેશ થાય છે. ઘાયલ થયેલા તમામ લોકોને પૂંચના દિગવાર સેક્ટરમાં જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવેલા આ ગોળીબારમાં એક આર્મી વાહનને પણ નુકસાન થયું છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીરના નાયબ મુખ્યમંત્રી નિર્મલસિંહે કહ્યું છે કે, પાકિસ્તાન કાયરતાપૂર્વકના કૃત્યો કરી રહ્યું છે. નાગરિકોને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. પાકિસ્તાને એવો દાવો કર્યો છે કે, ભારતીય સૈનિકો દ્વારા ગોળીબાર કરવામાં આવી રહ્યો છે પરંતુ પાકિસ્તાનના કૃત્યો હવે આંતરરાષ્ટ્રીય સમુદાયમાં પણ ખુલ્લા પડી ગયા છે. પાકિસ્તાની સૈનિકોએ પૂંચના કેરી, માલતી અને

● અનુસંધાન પાન-૭ પર



# આજે મોદી હિમાચલમાં પ્રચારનું રણશિંગૂ ફૂંકશે

**બિલાસપુરમાં એમ્સ હોસ્પિટલ માટે આધારશીલા મુકશે : નરેન્દ્ર મોદીની રેલીને સફળ બનાવવા માટે આરોગ્યમંત્રી જેપી નડ્ડા પહેલાથી હિમાચલમાં પહોંચ્યા : હિમાચલમાં રાજકીય ગરમી**



નવી દિલ્હી,તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હિમાચલ પ્રદેશમાં બિલાસપુર ખાતે આજે એમ્સ હોસ્પિટલ માટે આધારશીલા મુકનાર છે. મોદી આગામી વિધાનસભાની ચૂંટણીને લઈને આ કાર્યક્રમ સાથે પ્રચારનું રણશિંગુ ફૂંકે તેવી પણ શક્યતા છે. મોદીની આ યાત્રાથી નવેમ્બર-ડિસેમ્બર મહિનામાં યોજાનારી હિમાચલમાં વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપ પ્રચારને તીવ્ર બનાવશે. રાજ્ય કોંગ્રેસના નેતાઓ ખુબ જ ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. બિલાસપુરના કેન્દ્રીય આરોગ્યમંત્રી જેપી નડ્ડાનું કહેવું છે કે, આ સંસ્થા હેલ્થ સેક્ટરમાં એનડીએ સરકારની એક મોટી સિદ્ધિ તરીકે છે. ભાજપના મુખ્યમંત્રીના ચહેરા તરીકે પણ નડ્ડાને જોવામાં આવે છે. જેપી નડ્ડા છેલ્લા એક સપ્તાહથી હિમાચલમાં સક્રિય થયેલા છે. નડ્ડા દ્વારા પાર્ટીના કાર્યકરો સુધી પહોંચવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે. દરેક મતવિસ્તારમાં પાર્ટીના કાર્યકરો પહોંચી રહ્યા છે. વડાપ્રધાનની રેલીને જોરદારરીતે સફળ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. હિમાચલમાં ભાજપના મુખ્યમંત્રી પદના અન્ય દાવેદારમાં પૂર્વ મુખ્યમંત્રી પીકે ધુમાલના પુત્ર અનુરાગ ઠાકુરનો સમાવેશ થાય છે. પક્ષના સુત્રોનું કહેવું છે કે, ઠાકુરે હાલમાં જ પ્રોજેક્ટ માટે વડાપ્રધાનને અભિનંદન આપ્યા હતા. સાથે સાથે આ પ્રોજેક્ટ માટે કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# અમેઠીની મુલાકાત લેવા માટે રાહુલ ગાંધીને આખરે મંજુરી

**જિલ્લા વહીવટીતંત્રએ અંતે તૈયારી દર્શાવી : રાહુલ ગાંધી ચોથીથી છઠ્ઠી દરમિયાન પોતાના લોકસભા મતવિસ્તારમાં જશે**

અમેઠી, તા. ૨

અમેઠીની પોતાની યાત્રાને મોકૂફ કરી દેવા રાહુલ ગાંધીને અપીલ કરવા બદલ કોંગ્રેસ પાર્ટી તરફથી વ્યાપક ટિકા ટિપ્પણીનો સામનો કર્યા બાદ અમેઠી જિલ્લા વહીવટીતંત્રએ આજે કહ્યું હતું કે, તે બુધવારથી શરૂ થતાં તેમના ત્રણ દિવસના પ્રવાસ માટે સજ્જ છે. રાહુલ ગાંધીને અમેઠીની મુલાકાત લેવાની મંજુરી આપી દીધી છે. અમેઠી જિલ્લા મેજિસ્ટ્રેટ યોગેશકુમારે કહ્યું છે કે, સત્તાવાળાઓએ ક્યારે કોંગ્રેસના ઉપપ્રમુખને તેમના લોકસભા મતવિસ્તારની મુલાકાત ન લેવા માટે કહ્યું નથી. રાહુલ ગાંધીની આ યાત્રા ચોથીથી છઠ્ઠી ઓક્ટોબર દરમિયાન યોજાનાર છે. જો કે, તેમની સુરક્ષાને લઈને ચિંતાના કારણોસર આ યાત્રાને મોકૂફ કરવા માટે કહેવામાં આવ્યું હતું. રાહુલગાંધીની યાત્રા ચોથીથી શરૂ થઈ રહી છે. જિલ્લા મેજિસ્ટ્રેટનું કહેવું છે કે, રાહુલ ગાંધીને ક્યારેય ઈન્કાર કરવામાં આવ્યો નથી. અમે જિલ્લા કોંગ્રેસ વડાને ગુપ્ત પત્ર મોકલી ચુક્યા છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, સુરક્ષા જવાનો દુર્ગા વિસર્જન અને મુહર્રમને લઈને વ્યસ્ત હોવાથી યાત્રાને મોકૂફ કરી દેવામાં આવે. હવે રાહુલ ગાંધીને અમેઠીની યાત્રા કરવા માટે પરવાનગી મળી ચુકી છે. કોંગ્રેસના સાંસદ તેમના કાર્યક્રમ મુજબ આગળ વધવા ઈચ્છુક છે જેથી વહીવટીતંત્રએ મૂળભૂત



● અનુસંધાન પાન-૭ પર

## યશવંતસિંહાની નરેન્દ્ર મોદીને મળવાની ઈચ્છા પૂર્ણ થઈ શકે

**૧૪મીના મોદીના કાર્યક્રમ માટે આમંત્રણ અપાયું : મોદી સાથે મંચ ઉપર જવા માટેનું આમંત્રણ સ્વીકાર્યું છે કે કેમ તે અંગે યશવંતસિંહાનું મૌન**

પટણા,તા. ૨

નોટબંધી, જીએસટી અને આર્થિક નીતિઓને લઈને હાલમાં મોદી સરકારની સતત ઝાટકણી કાઢી રહેલા ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રિય નાણાં પ્રધાન યશવંતસિંહા હવેની વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવાની ઈચ્છા પૂર્ણ થવા જઈ રહી છે. કારણ કે ૧૪મી ઓક્ટોબરના એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે યશવંતસિંહાને પણ આમંત્રણ મળી ગયુ છે. આ કાર્યક્રમમાં મોદી પણ હાજર રહેનાર છે. મળેલી માહિતી મુજબ મોદી પટણા યુનિવર્સિટીના શતાબ્દી કાર્યક્રમમાં હાજરી આપવા માટે ૧૪મી ઓક્ટોબરના દિવસે પહોંચનાર છે. વાઈસ ચાન્સલર રસ બિહારી સિંહે માહિતી આપતા કહ્યુ છે કે આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે સિંહાને પણ આમંત્રણ આપવામાં આવ્યુ છે. સિંહા પણ પોલિટિકલ સાઈન્સમાં ડિગ્રી સાથે આ સંસ્થામાંથી જ ગ્રેજુએટ થયા હતા. ત્યારબાદ આ જ સંસ્થામાં ભણાવતા પણ હતા. આ કાર્યક્રમમાં તેઓ હાજરી આપશે કે કેમ તે અંગે હજુ સુધી સિંહા તરફથી કોઈ સંકેત મળી રહ્યા નથી. સુત્રોએ કહ્યુ છે કે તેઓએ કોઈ નિર્ણય કર્યો નથી. ગયા સપ્તાહથી જ યશવંતસિંહા મિડિયામાં હેડલાઈન બની રહ્યા છે. તેઓએ આર્થિક નિતીઓના મુદ્દે કેન્દ્રિય નાણાં પ્રધાન અરૂણ જેટલીની જોરદાર ઝાટકણી કાઢી છે. અર્થતંત્રની હાલત કફોડી કરવાનો જેટલી પર આક્ષેપ કરી રહ્યા છે. સામે જેટલીએ આક્ષેપ કરીને કહ્યુ છે કે ૮૦ વર્ષની વયમાં સિંહા નોકરી શોધી રહ્યા છે. સિંહા કહી ચુક્યા છે કે નોટબંધી અને જીએસટી સમયસર લાગુ કરવામાં આવ્યા નથી.



# કેરળમાં ભાજપની જનરક્ષા યાત્રા આજથી આરંભાશે

**ભાજપ પ્રમુખ અમિત શાહ ભાગ લેશે : કેરળમાં સ્થિતિને મજબૂત કરવા ભાજપની તીવ્ર તૈયારી**

નવીદિલ્હી, તા. ૨

કેરળમાં ચાલી રહેલી રાજકીય હિંસાની સામે ભાજપ પોતાની જનયાત્રા આવતીકાલથી શરૂ કરવા જઈ રહ્યો છે. પાર્ટી આ પોતાની જનયાત્રા મારફતે કાર્યકરોના ઉત્સાહને વધારવા માટે તૈયાર છે. સાથે સાથે તેમની નજર કેરળમાં પાર્ટીની સ્થિતિને વધારે મજબૂત કરવાની પણ છે. પાર્ટીના લોકોને લાગી રહ્યું છે કે, જનયાત્રા મારફતે ભાજપના લોકો તેમની સ્થિતિને મજબૂત કરી શકશે. આનો સીધો ફાયદો તેને લોકસભા ચૂંટણીમાં મળી શકે છે. આજ કારણસર પાર્ટી આ યાત્રાને મોટાપાયે આયોજિત કરી રહી છે. પાર્ટી પ્રમુખ અમિત શાહ પણ આમા ભાગ લેવા જઈ રહ્યા છે. કેન્દ્રીય માનવ સંશાધન વિકાસપ્રધાન પ્રકાશ જાવડેકરના કહેવા મુજબ જનરક્ષા યાત્રા કન્નુર જિલ્લાના પાયનુરમાંથી શરૂ થશે. ૧૭મી ઓક્ટોબરના દિવસે આની થિરુવંતનપુરમથી પુર્ણાહૂતિ થશે. કન્નુર જિલ્લામાં હાલના દિવસોમાં સૌથી વધારે રાજકીય હિંસા થઈ ચુકી છે. ભાજપનો આક્ષેપ છે કે, તેમની રાજકીય સ્થિતિ વધુને વધુ મજબૂત થઈ રહી છે તે બાબતને ધ્યાનમાં લઈને સીપીએમના નેતૃત્વવાળી સરકાર હિંસાને પ્રોત્સાહન આપી રહી છે. જાવડેકરના કહેવા મુજબ સીપીએમ સરકારની અવધિમાં ૧૫ વર્ષમાં ૮૪ રાજકીય હત્યાઓ થઈ છે. પી વિજયનના મુખ્યમંત્રી બન્યા બાદથી કન્નુર જિલ્લામાં ૧૪ લોકોની હત્યા કરવામાં આવી ચુકી છે. ભાજપના સૂત્રોનું કહેવું છે કે, કન્નુર

● અનુસંધાન પાન-૭ પર


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

APPLY NOW
JOB VACANCY
ASHOK LEYLAND
Jobs for The Dynamic & Enthusiastic Candidates
- Workshop Manager
  Minimum 7 years experience with dealership
- Sales Executive-5 (Male)
  Any Graduate or 12. Pass & Fresher/ Experienced (should be able to drive)
- Tele Caller- CRE -3 (Female)
  Graduate or 12th Pass/Fresher/Experienced
- Sr. Technicians & Technicians -3 Experienced
- Helper / PDI / Washer

For Gandhinagar, Ahmedabad.
- Back office Assistant cum Receptionist (Female-1 )
  Graduate/Computer Knowledge/Tally
- Field Executive -2
  Graduate or 12th Pass with Vehicle

Walk in Interview
(Bring Resume and Photographs)
Time : 10:30am to 7:30pm

SURYA MOTORS
AUTHORISED DEALERSHIP
Sarkhej
Nr. Sanathal Overbridge,
Bavla Road, Ahmedabad.
M. 95120 49999, 75758 03090
Gandhinagar
Shyam Square,
Beside Umiya Petrol Pump,
Randheja Cross Road,
Randheja,
Gandhinagar.